ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગાંધીનગરના ઓટોમોબાઈલ માર્કેટમાં મંદી વાહનોના વેચાણમાં ૩૦ ટકાનો ઘટાડો

**ગત વર્ષ દરમિયાન ૬૦૫૨૭ ટુ વ્હીલર અને ફોર વ્હીલરની નોંધણી થઇ હતી : જયારે ચાલુ વર્ષે છેલ્લા ૬ મહીનામાં ૨૨૯૩૭ વાહનો નોંધાયા છે : વિવિધ કંપનીના વાહન ડીલરો ગ્રાહકોને આકર્ષવા માટે અવનવી ઓફરો આપી રહ્યા છે**

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરના ઓટોમોબાઈલ માર્કેટમાં છેલ્લા ત્રણ મહીનાથી મંદીનુ મોજુ ફરી વળ્યુ છે. ગત વર્ષોની સાપેક્ષમાં છેલ્લા ૬ મહીનામાં આર ટી ઓ કચેરીના ચોપડે વાહનોના રજીસ્ટ્રેશનના અંતે ટુ વ્હીલર તેમજ ફોર વ્હીલરના વેચાણમાં નોંધપાત્ર ઘટાડો થયો હોવાનુ સ્પષ્ટ થઈ રહ્યુ છે. વર્ષ ૨૦૧૮ દરમિયાન વાહનોના વેચાણમાં નોંધપાત્ર વધારો થયો હતો. જયારે ચાલુ વર્ષ દરમિયાન ૩૦ થી ૩૫ ટકાનો ઘટાડો થયો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. છેલ્લા ૬ મહીનામાં આર ટી ઓ કચેરીમાં ૨૨૯૩૭ નવા ટુ વ્હીલર તેમજ ફોર વ્હીલર વાહનોની નોંધણી કરવામાં આવી છે.

ઓટોમોબાઈલનુ માર્કેટ મંદુ ચાલી રહ્યુ હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. ગાંધીનગરમાં છેલ્લા દોઢ દાયકામાં વાહનોની સંખ્યા વધી છે. માર્ગ પર ટ્રાફિકનો સિનારીયો પણ બદલાયો છે. અપગ્રેડ થતા રોડ નેટવર્ક પર ટ્રાફિક જામના દ્રશ્યો પરથી પણ વાહનોની વધતી સંખ્યાનો તાગ મળી જાય છે. શહેરના માર્ગો પર રાત દિવસ ધમધમતા વાહનો પરથી પણ સ્પષ્ટ થાય છે કે છેલ્લા દોઢ દાયકામાં વાહનોનુ વેચાણ પણ વિશેષ થયુ છે. જો કે ઓટોમોબાઈલ ક્ષેત્રે છેલ્લા ત્રણ ચાર મહીનાથી વિશેષ મંદીનો માહોલ જોવા મળી રહ્યો હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. ઓટોમોબાઈલના બજારમાં અવનવી કંપનીઓ પણ આવી ગઈ છે. જયારે વધતા સ્પર્ધાત્મક અભિગમ સાથે ગ્રાહકોને ફાયદો આપતી લોભામણી ઓફરો પણ કંપનીના ડીલરો દ્વારા ઓફર કરવામાં આવે છે. પરંતુ પ્રોડકશન સામે સેલીંગ ઘટતા ઓટોમોબાઈલ ક્ષેત્રે હળવી મંદીનુ મોજુ ફરી વળ્યુ હોવાનુ સ્પષ્ટ થયુ છે. આર ટી ઓ કચેરીમાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન નોંધાયેલા વાહનોની સંખ્યા પરથી પણ કાર તેમજ ટુ વ્હીલરના વેચાણમાં નોંધપાત્ર ઘટાડો થયો હોવાનુ ધ્યાને આવે છે. ગાંધીનગરમાં વર્ષ ૨૦૧૭ દરમિયાન ૫૪૩૮૩ વાહનોની નોંધણી આર ટી ઓ કચેરીમાં થઈ હતી. જયારે વર્ષ ૨૦૧૮ દરમિયાન ૬૦૫૨૭ વાહનોનુ વેચાણ થયુ હોવાનુ આર ટી ઓ કચેરીમાં નોંધાયેલા આંકડા પરથી સ્પષ્ટ થાય છે. જયારે ચાલુ વર્ષ દરમિયાન છેલ્લા ૬ મહીનાના ગાળામાં અત્યાર સુધી ૨૨૯૩૭ જેટલા ફોર વ્હીલર તેમજ ટુ વ્હીલર નવા વાહનોની નોંધણી આર ટી ઓ કચેરીમાં કરવામાં આવી છે. અલબત્ત અગાઉના બે વર્ષોની સાપેક્ષમાં આ આંકડામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ઓટોમોબાઈલ કંપનીઓ દ્વારા ગ્રાહકોને આકર્ષક ઓફરો પણ આપવામાં આવે છે. બાય બેક સિસ્ટમ તેમજ તગડુ કન્સેશન અને ફ્રી એસેસરીઝ સહીતની લોભામણી ઓફરો પણ સુચવાય છે. આમછતા છેલ્લા ત્રણ મહીનામાં નગરના ઓટો માર્કેટમાં કાર તેમજ ટુ વ્હીલરના વેચાણમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. નગરના ઓટોમોબાઈલના માર્કેટમાં વાહનોના વેચાણમાં ૩૦ થી ૩૫ ટકાનો ઘટાડો થયો હોવાનુ પણ આંકડા પરથી સ્પષ્ટ થાય છે. જો કે આ મામલે ડીલરોને કોઈ ચોક્કસ કારણ જાણવા મળતુ નથી. પરંતુ આગામી રથયાત્રા થી તહેવારોની મોસમ શરૂ થતા વાહનોની ખરીદી વધશે તેવી આશા પણ ડીલરોએ વ્યકત કરી છે. સામાન્ય રીતે રથયાત્રા થી શરૂ કરી સાતમ આઠમ અને નવરાત તેમજ દિવાળી સહીતના તહેવારોની મોસમમાં વાહનોની ખરીદી વિશેષ થતી હોવાનુ પણ ડીલરો જણાંવે છે. પરંતુ હાલ ઓટો માર્કેટમાં મંદીનો માહોલ હોવાનુ સ્પષ્ટ વર્તાય છે. બીજીતરફ ગ્રાહકો પણ વિચાર્યા વગર વાહનની ખરીદી કરવાનુ પસંદ કરતા નથી. જાગૃત ગ્રાહકો કોઈપણ પ્રોડકટ ખરીદતા પહેલા વિચારણા કરી પુરતા સમય બાદ ખરીદી માટે પસંદગી ઉતારે છે.



યોગઃ કર્મષુ, કૌશલમ્ - ભારતીય સંસ્કૃતિની વિશ્વને સૌથી અણમોલ ભેટ કંઈપણ હોય તો તે યોગ છે... પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વૈશ્વિક ફલક પર યોગના મહિમાને સમજાવી ૨૧મી જુનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જાહેર કરાવ્યો તે ભારત માટે અને ભારતીય સંસ્કૃતિ માટે ગૌરવની વાત છે... આયુર્વેદ સહિત તમામ આરોગ્ય વિષયક સંશોધનો અને ઉપચારોમાં યોગને અગ્રતા અપાઈ છે... હજ્જારો વર્ષોથી ભારતીય સમાજ જીવનમાં યોગ દૈનિક પરંપરાનો ભાગ બન્યો છે... બદલાતી જીવનશૈલીના પગલે ભૂસાતા જતા યોગના મહિમાને પુનઃસ્થાપન કરવા દેશમાં અને વિદેશમાં ૨૧મી જુનને શુક્રવારે સામુહિક યોગ નિદર્શનો યોજાશે... ગાંધીનગરના હાર્દસમા સ્વર્ણિમ પાર્ક ખાતે પણ સેંકડો નાગરિકો સામુહિક યોગમાં જોડાશે... વહીવટી તંત્ર દ્વારા સમગ્ર વ્યવસ્થાને આખરી ઓપ અપાયો છે...

# ઘ-૦ થી ચ-૦ રૂટમાં વૃક્ષોની કટોતી મામલે રાજય અને કેન્દ્ર સરકારને હાઈકોર્ટની નોટીસ

**વૃક્ષોને કપાતા અટકાવવા માટે હાઇકોર્ટમાં પીઆઇએલ**

ગાંધીનગર તા ૨૦

ચિલોડા સરખેજ માર્ગને વિકસાવવા માટે મોટા પ્રોજકટનુ કામ તડામાર ચાલી રહ્યુ છે. માર્ગને અપગ્રેડ કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે.આ રૂટમાં સાત જેટલા ઓવરબ્રિજનુ પણ નિર્માણ કરવામાં આવશે. જયારે હાલ આ અન્વયે શહેરમાંથી પસાર થતા આ રૂટને અનુલક્ષી ઘ-૦ થી ચ-૦ વચ્ચેના વિસ્તારમાં વૃક્ષોની કટોતી થતા પર્યાવરણ પ્રેમીઓમાં આક્રોશ પ્રવર્તયો છે. ત્યારે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ મામલે હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરી હતી. જેના અનુસંધાને હાઈકોર્ટે રાજય તેમજ કેન્દ્ર સરકારને નોટીસ આપી જવાબ રજુ કરવા આદેશ કર્યો છે.

ચિલોડા સરખેજ હાઈવેને વિકસાવવાનુ કામ પુરજોશમાં ચાલી રહ્યુ છે. ટ્રાફિકનુ ભારણ વધતા આ માર્ગને અપગ્રેડ કરવા માટે કરોડોના ખર્ચે પ્રોજેકટ હાથ ધરાયો છે. જયારે આ પ્રોજેકટની કામગીરી દરમિયાન રૂટમાં આવતા સેંકડો વૃક્ષોની કટોતી કરવામાં આવી છે. હરિયાળીનો સોથ વળતા નગરજના પ્રકૃતિ પ્રેમીઓમાં પણ રોષની લાગણી વ્યાપી છે. જયારે નેશનલ હાઈવે શહેરમાંથી પસાર થવો ન જોઈએ તેવી લાગણી પણ પ્રબળ બની છે.આગામી દિવસોમાં મેટ્રો ટ્રેઈનના પ્રોજેકટની કામગીરી દરમિયાન પણ વૃક્ષો કપાશે. ત્યારે ઘ-૦ થી ચ-૦ ના રૂટમાં વૃક્ષો કાપવાની હરકત સામે પર્યાવરણ પ્રેમીઓ આગ બબુલા બન્યા છે. હરિયાળી સામે ખતરો મંડરાતા આ મામલે લડત પણ આરંભી દેવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# પંચાયતના સભ્યો સીસી રોડ અને બાંકડાના કામ નહિ સૂચવી શકે

**પંચાયતોના સભ્યોમાં સરકારની સૂચના સામે રોષ, સામાન્ય સભામાં સૂચના સામે પ્રસ્તાવ પસાર કરવાની ગંભીર વિચારણા**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સ્વભંડોળમાંથી સભ્યોને વિસ્તાર વિકાસ માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી સીસી રોડ તેમજ બાંકડાની બાદબાકી કરવાની સરકારની સૂચનાને પગલે સભ્યોમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.

સભ્યો દ્વારા રૂ. ૧ કરોડથી પણ વધુના નાણાંની ફાળવણી આ માટે કરવામાં આવી હતી. બજેટ મંજૂર થયા બાદ આચારસંહિતના અમલને લઈ આ કામોને મંજૂરી અપાઈ ન હતી. હવે રાજ્યના વિકાસ કમિશ્નરે સીસી રોડ અને બાંકડાઓને મંજૂરી આપવી નહિ તેવી સૂચના આપતાં તંત્રના અધિકારીઓ સામે સભ્યોએ ઉગ્ર રજુઆત કરી છે. મળતી વિગતો પ્રમાણે ૨૯મીના રોજ જિલ્લા પંચાયતની મળનારી સામાન્ય સભામાં આ બાબતનો વિરોધ નોંધાવતો પ્રસ્તાવ પણ પસાર કરવામાં આવે તેવી શક્યતાઓ છે. કોંગ્રેસના સભ્યોએ જણાવ્યુ હતુ કે ધારાસભ્ય સૂચવી શકે, તા.પં.ના સદસ્યો સૂચવી શકે, કોર્પોરેશનના કાઉન્સીલરો સૂચવી શકે તો જિલ્લા પંચાયતો માટે આવુ ઓરમાયુ વર્તન કેમ દાખવવામાં આવી રહ્યુ છે. સ્વભંડોળની ફાળવણી એ સભ્યોના સ્વવિવેકથી કામો સૂચવવા માટેની છે અને સરકાર તેના પર પ્રતિબંધ લાદી અન્યાયી નીતિ અખત્યાર કરી રહી હોવાનો આક્ષેપ પણ કર્યો છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના પાંચથી વધુ સભ્યો આ મુદ્દે જિલ્લા વિકાસ અધિકારી રાવલને રૂબરૂ મળ્યા હતા પરંતુ ડી.ડી.ઓ.એ સરકારની સૂચનાનું ચુસ્તતાથી પાલન થશે તેમ સ્પષ્ટ કરતાં સભ્યો નારાજ થયા હતા. જિલ્લા પંચાયતની આગામી સામાન્ય સભામાં સરકારની સૂચના સામે પ્રસ્તાવ પસાર કરવા પર કોંગ્રેસ દ્વારા ગંભીરતાથી વિચારણા ચાલી રહી છે અને ટૂંકમાં જ કાનૂની પરામર્શ કરી આગળ વધવામાં આવશે તેમ જાણવા મળેલ છે. જિલ્લામાં સ્વભંડોળમાંથી સભ્યોને તેમના વિસ્તારમાં કામો સૂચવવા માટે ૩૦ લાખની મર્યાદા નિયત કરવામાં આવી છે જે નોંધનીય છે.

# આરટીઓ દ્વારા ૨૫ સ્કુલવાન ડીટેઈન

**૫૯ હજારનો દંડ વસુલ્યો : આર ટી ઓ દ્વારા હાથ ધરાયેલી ઝુંબેશ દરમિયાન ૮૦૦ જેટલી સ્કુલ બસોના ફોટાનો અભ્યાસ કરી સલામતીના પરિબળોની ચકાસણી કરી**

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા ટ્રાફિક નિયમનના ભંગ બદલ ૨૫ સ્કુલ વાન ડીટેઈન કરી હતી. જયારે આ પૈકી ૮ સ્કુલવાન હજુ ડીટેઈન છે .જયારે આ અન્વયે રૂ ૫૯ હજારના દંડની વસુલી કરવામાં આવી છે. આ ઉપરાંત ૮૦૦ જેટલી સ્કુલ બસોના ફોટો મંગાવીને સલામતીના પરિબળો તપાસવામાં આવ્યા છે.

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા શૈક્ષણિક સત્ર શરૂ થતા પુર્વે જ સ્કુલ વર્ધીમાં દોડતા વાહનોના ફીટનેસ, ફાયર સેફટી તેમજ ટેકસના મામલે સ્પષ્ટ રહેવા સુચના આપવામાં આવી હતી. જયારે આ અન્વયે આર ટી ઓ તંત્ર દ્વારા જિલ્લાની વિવિધ ૮૦૦ જેટલી સ્કુલ બસના ફોટો મંગાવી બસમાં ફાયર સેફટી ,ઈમરજન્સી એકઝીટ તેમજ ફર્સ્ટ એઈડ કીટ સહીતની વ્યવસ્થા ચકાસી હતી. આ ઉપરાંત આર ટી ઓના નિયમો અંગે પણ જરૂરી ચકાસણી કરી હતી. આ ઉપરાંત સ્કુલવાનને અનુલક્ષીને પણ માર્ગ પર ચકાસણી કરવામાં આવી હતી. આ દરમિયાન કુલ ૩૫ જેટલી સ્કુલવાનનુ ચેકીંગ કરાયુ હતુ. જેમાં ટ્રાફિક નિયમનના ભંગ બદલ ૨૫ જેટલી સ્કુલવાન ડીટેઈન કરાઈ હતી. જયારે આ પૈકી ૮ સ્કુલવાન હજુ ડીટેઈન છે. જયારે આ સ્કુલવાન દ્વારા નિયમોનો ભંગ થયો હોય તે બદલ રૂ ૫૯ હજારનો

● અનુસંધાન પાન-૭ પર

# સ્વચ્છતા સહિત વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે સંકલન સમિતિ બોલાવવા મનપાની દરખાસ્ત

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગર પાલિકા સમક્ષ વિવિધ પ્રશ્નો સતત રજુ થતા હોવાથી નગરની સાથે સંકળાયેલ વિવિધ વિભાગોના અધિકારીઓની સંકલન સમિતિની બેઠક યોજવા અને તેમાં અધિકારીઓ હાજરી આપે તે માટે મનપાએ એક ખાસ દરખાસ્ત રાજ્ય સરકારને કરી છે.

મનપા પાસે હાલ માત્ર સફાઈની જ સેવા વિધિવત્ રીતે ફાળવવામાં આવી છે. જ્યારે મનપા સમક્ષ શહેરના વિવિધ પ્રશ્નો અંગે અસંખ્ય રજુઆતો મળી છે પણ મનપાનું તંત્ર લાચાર બન્યુ છે. મનપા પાસે અન્ય વિભાગોને ભલામણ કરવા સિવાય કંઈ જ રહેતુ નથી. મનપા દ્વારા આ ભલામણોનું ફોલો-અપ મેળવવામાં પણ તકલીફો પડી રહી છે. આથી તંત્રએ સરકારને એક ખાસ દરખાસ્ત તૈયાર કરીને મોકલી આપી છે.

ગાંધીનગર મનપાને કેટલીક સત્તા સોંપણી અંગે પણ સરકાર ગંભીરતાથી વિચારણા કરી રહી છે પરંતુ હજુ સરકારે આ બાબતે કોઈ જ સંકેતો આપ્યા નથી.

શહેરમાં પાટનગર યોજના વિભાગ ઉપરાંત વન વિભાગ સહિત અન્ય વિભાગો પણ સંકળાયેલા છે. શહેરમાં આરોગ્યની સેવાઓ પણ સોંપવામાં આવી નથી જોકે મનપાને ચાર અર્બન સેન્ટર ચલાવવાની મંજૂરી અપાઈ છે. આગામી દિવસોમાં આ સંકલન સમિતિની બેઠક બોલાવવાના અધિકારો આપવામાં આવે તેવી શક્યતાના નિર્દેશો પ્રાપ્ત થઈ રહ્યા છે.

# આજે સ્વચ્છતા મિશન અંતર્ગત જિલ્લાઓની સમીક્ષા કરાશે

**મુખ્ય સચિવ ડો. જે. એન. સિંહ અને વિકાસ કમિશનર દ્વારા વિડીયો કોન્ફરન્સના માધ્યમથી દરેક જિલ્લાની કામગીરીની સમીક્ષા કરાશે**

ગાંધીનગર, તા. ૨૦

સ્વચ્છતા મિશન અંતર્ગત જિલ્લાઓમાં આગામી દિવસોમાં વિશેષ ભાર મુકવામાં આવશે. આ માટે રાજ્યના મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંહ વિકાસ કમિશ્નર દ્વારા યોજાયેલ વિડીયો કોન્ફરન્સમાં ખાસ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

વિકાસના કામોમાં ગતિ લાવવા તેમજ આગામી ચોમાસા દરમ્યાન પણ ગ્રામીણ વિસ્તારોમાં સ્વચ્છતા જળવાઈ રહે અને રોગચાળાની સ્થિતિ ઉભી થાય નહિ તેના પર ખાસ માર્ગદર્શન મુખ્ય સચિવશ્રી આપશે તેમ જાણવા મળેલ છે.

આ ઉપરાંત જિલ્લાઓમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાની ચાલી રહેલી ધીમી કામગીરી અંગે પણ કડક તાકીદ કરવાની સાથે રાજ્યભરના તમામ જિલ્લાઓની સમીક્ષા આ બેઠકમાં થશે.

મળતી વિગતો મુજબ સુજલામ સુફલામ-૨ અંતર્ગત થયેલ કામગીરી તેમજ સ્વચ્છતા સર્વેક્ષણ ગ્રામીણના આવેલા પરિણામો અને ઓડીએફની થયેલ કામગીરી પછી સ્વચ્છતા અભિયાન પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે.

સચિવાલયના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સ્વચ્છતા મિશન એ સરકારની અગ્રતા છે. ખાસ કરીને પાંચ હજારથી વધુ વસ્તી ધરાવતા ગ્રામ્ય વિસ્તારોમાં કચરાના નિકાલની વ્યવસ્થા તેમજ રૂર્બન પ્રોજેક્ટસ અંતર્ગત હાથ ધરવાની કામગીરી આ બેઠકમાં છવાયેલી રહેશે.

# ધોરણ-૧૦-૧૨ના વિદ્યાર્થી જાતે પરીક્ષા કેન્દ્ર પસંદ કરી શકશે

**હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને ફાયદો થયો : માન્યતા વિનાની શાળાઓનું દૂષણ દૂર કરી શકાશે : બોર્ડની બેઠકમાં પરીક્ષા, અન્ય શૈક્ષણિક મુદ્દાઓ ઉપર ચર્ચા કરાઈ**

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડની આજે સામાન્ય બેઠક મળી હતી, જેમાં એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જે મુજબ, હવેથી ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓ પોતાની પસંદગીનું પરીક્ષા કેન્દ્ર પસંદ કરી શકશે. બોર્ડ દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયથી હોસ્ટલમાં રહેતા વિદ્યાર્થીઓને ફાયદો થશે. તેઓ પોતાના વતનમાં પરીક્ષા આપી શકશે. બોર્ડના આ નિર્ણયને લઈ વિદ્યાર્થી અને વાલીઓમાં પણ ખુશીની લાગણી ફેલાઈ છે. સામાન્ય બેઠકમાં અન્ય એક નિર્ણય એ પણ લેવાયો હતો કે, બોર્ડ દ્વારા શાળાઓને નોંધણી પ્રમાણપત્ર આપવામાં આવશે, આ નિર્ણયથી માન્યતા વગરની શાળાઓનું દૂષણ દૂર કરી શકાશે. કેટલીક શાળાઓ દ્વારા એસએસસીના પરિણામ પહેલા જ પ્રવેશ પરીક્ષા લઈને વિદ્યાર્થીઓને ઉચ્ચ માધ્યમિકમાં પ્રવેશ આપતી હોય છે, આવી પ્રવૃત્તિ અટકાવા માટે એસસસીના પરિણામ બાદ જ પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવે તેવી નીતિ અપનાવવા અંગે વિચારણા કરવામાં આવી હતી. આ સિવાય બોર્ડની પરીક્ષા તેમ જ અન્ય શૈક્ષણિક મુદ્દાઓને લઈને પણ મહત્વની ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી.

જો કે, બોર્ડની આજની બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણયોને લઈ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ ભારે રાહતની અને ખુશીની લાગણી ફેલાયેલી જોવા મળી રહી છે. ખાસ કરીને વતનમાં પરીક્ષા આપવા ઈચ્છતા વિદ્યાર્થીઓ ભારે ઉત્સાહિત બન્યા છે.


હૃદયાંજલિ



સ્વ. જ્યોતિન્દ્ર બી. વ્યાસ

સ્વજન/અંગતમિત્ર-સહઅધ્યાયી ની આગળ સ્વ. શબ્દ લગાડતા હૈયું કંપી ઉઠે છે કારણ કે, જ્યોતિન્દ્ર મારા માટે સ્વર્ગસ્થ નહીં, પણ હૃદયસ્થ છે, તેથી જ હૃદયાંજલિ રૂપે એક જ પ્રાર્થના છે કે ખોયું મજબૂર બનીને અમે પ્રભુ, હવે એ રતન તારા હાથમાં છે, સદા સાચવજે એજ પ્રાર્થના પ્રભુ, હવે એનું જતન તારા હાથમાં છે

રશેષ યોગન્દ્ર માંકડ, એડવોકેટ તથા પરિવાર

NAME CHANGE

I have changed my name from Parmar Babiben Dipakbhai to Parmar Babuben Dipakbhai

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯

મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

BRIDGESTONE

apollo go the distance

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર. ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

KisaN

ashirvad

BENELAVE

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com